# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. નાણાંમંત્રી કનુભાઈ  દેસાઈ આજે વિધાનસભામાં વર્ષ 2025-26 નું અંદાજપત્ર રજૂ કરશે.
2. શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરની અધ્યક્ષતામાં ગઈકાલે યોજાયેલી વિડિયો કોન્ફરન્સમાં આગામી બોર્ડ પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરાઈ.
3. RTE હેઠળ ધોરણ-એકમાં પ્રવેશ માટે 28 ફેબ્રુઆરીથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.
4. રાજ્યમાં ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી બી.પી. અને ડાયાબિટીસ નોંધણી માટે મેગા ઝુંબેશ હાથ ધરાશે
5. વડોદરામાં મહિલા ક્રિકેટ મેચમાં ગઈકાલે દિલ્હી કેપિટલ્સે, યુપી વોરિયર્સને સાત વિકેટ હરાવ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Budget – 2025-26

**નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ આજે વિધાનસભામાં વર્ષ 2025-26 નું અંદાજપત્ર રજૂ કરશે. રાજ્યપાલના સંબોધન સાથે ગઇકાલે વિધાનસભા બજેટ સત્રનો પ્રારંભ થયો છે. રાજ્યપાલે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિકાસ માંટે કરેલા આયોજનો કાર્યક્રમો તથા યોજનાઓ અંગે વિગતવાર** માહિતી આપી હતી.

ત્યાર બાદ શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરાયો હતો. જેમાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ. મનમોહન સિંહ, ધારાસભ્ય કરસન સોલંકી, શંભુજી ઠાકોર, અને કમલેશ પટેલને શોકાંજલી પાઠવવામાં આવી હતી. આજે પ્રશ્નોતરી બાદ બજેટ રજૂ કરાશે.

. . . . . . . . . . . . .

# Budget - Nadiad

નડીયાદ મહાનગરપાલિકાની રચના બાદ પ્રથમ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. 897.17 કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું. આ બજેટમાં નડીયાદ નગર આયોજન અને સુદ્રઢીકરણ માટે સૌથી વધુ રકમ ફાળવવામાં આવી છે. આ બજેટમાં સ્વચ્છતાના કામો, પાણી નિકાલ, પર્યાવરણ અને આરોગ્યને લગતા કામો અને અર્બન લાઈવલીહુડને પણ પ્રાધાન્ય અપાયુ છે. મ.ન.પા કમિશનર જી.એચ. સોલંકીએ પ્રથમ બજેટ રજૂ કરતા આ મુજબ જણાવ્યું...

(બાઈટ -- મ.ન.પા કમિશનર જી.એચ. સોલંકી)

. . . . . . . . . . . . .

# Budget Draft - Surat

સુરત મહાનગરપાલિકાના મનપા કમિશનર દ્વારા વર્ષ 2025-26નું ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવ્યું હતું. જેમાં સુરત મનપા માટે અત્યાર સુધીનું સૌથી મોટું 9 હજાર 603 કરોડ રૂપિયાનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં બ્રિજ માટે 130 કરોડની જોગવાઈ સહિત તાપી નદીના શુદ્ધિકરણ માટે 25 કરોડની ફાળવણી કરવામાં આવી છે. 2035 સુધીમાં સુરતમાં દૂષિત પાણીને 100 ટકા શુદ્ધ કરવાનું લક્ષ્ય મહાનગરપાલિકાએ સાધ્યું છે. જેને લઈને મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે વધુ માહિતી આપી હતી.

(બાઈટ-શાલિની અગ્રવાલ )

. . . . . . . . . . . . .

# Exam

સમગ્ર રાજ્ય સહિત જિલ્લામાં આગામી તારીખ ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. બોર્ડની પરીક્ષાની પૂર્વ તૈયારીના ભાગરૂપે સ્થાનિક સબંધિત અધિકારીઓને માર્ગદર્શન આપવા શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરની અધ્યક્ષતા તથા રાજય કક્ષામંત્રી પ્રફુલ પાનશેરીયા તથા શિક્ષણ વિભાગના અગ્રસચિવ મુકેશકુમારની વર્ચુઅલ ઉપસ્થિતિમાં,ગાંધીનગર ખાતે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.

આ પરીષદમાં સમગ્ર રાજ્યમાં મુક્ત, ન્યાયી અને તણાવ મુક્ત વાતાવરણમાં બોર્ડની પરીક્ષા યોજાઇ તે માટે શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે માર્ગદર્શન આપ્યુ હતુ.

બેઠકમાં પરીક્ષાની તૈયારીની રૂપરેખા , કેન્દ્રોની સંખ્યા ,બ્લોક વ્યવસ્થા ,તમામ પરીક્ષા સ્થળો ઉપર યોગ્ય સીસીટીવી વ્યવસ્થા અંગેની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

વિડિયો કોન્ફરન્સ યોજાયા બાદ પંચમહાલ જિલ્લા કલેકટર આશિષકુમારની અધ્યક્ષતામાં જિલ્લામાં પરીક્ષાના સુચારૂ આયોજન અર્થે ગોધરાની કલેકટર કચેરીએ પણ બેઠક યોજાઈ હતી.

બોર્ડની પરીક્ષાઓને અનુલક્ષીને બનાસકાંઠાના જિલ્લા કલેકટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં પરીક્ષાની પૂર્વ તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પણ જિલ્લા શિક્ષણાધિકારી , પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત પરીક્ષા સમિતિના સભ્યો સહિત સબંધિત અધિકારીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# RTE- હેઠળ અરજી

RTE હેઠળ ધોરણ-એકમાં પ્રવેશ માટે 28 ફેબ્રુઆરીથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

રાજ્યનાં પ્રાથમિક શિક્ષણ નિયામકે RTE કાયદા હેઠળ શૈક્ષણિક વર્ષ 2024-25 માટે નબળા-વંચિત જૂથનાં બાળકોને વિનામૂલ્યે ધોરણ – એકમાં પ્રવેશ માટેની જાહેરાત કરી છે. જે મુજબ ઈચ્છુક વિદ્યાર્થીઓના વાલીઓ 28 ફેબ્રુઆરીથી 12 માર્ચ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

# Mega Campaign-Health

રાજ્યમાં ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી બી.પી. અને ડાયાબિટીસ નોંધણી માટે મેગા ઝુંબેશ હાથ ધરાશે

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સાથે કચ્છ જિલ્લામાં ૨૦મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ સુધી બ્લડ પ્રેશર (બી.પી) અને ડાયાબિટીસ (સુગર)ના દર્દીઓની મેગા નોંધણી કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

આ ઝુંબેશ હેઠળ વિનામૂલ્યે બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની ચકાસણી, શંકાસ્પદ દર્દીઓનું તાત્કાલિક નિદાન કરવા સહિત દવાઓ પુરી પાડવી તેમજ ઘરે-ઘરે આરોગ્ય ટીમ દ્વારા તપાસની સુવિધા આપવામાં આવશે.

લોકો તપાસ માટે નજીકના આરોગ્ય કેન્દ્ર , જિલ્લા હોસ્પિટલ , સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અથવા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે નોંધણી કરાવી શકે છે. આ અભિયાન અંતર્ગત દર્દીઓની વિગતો સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવશે.

. . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગે આગાહી કરે છે કે આગમની પાંચ દિવસ તાપમાનમાં મોટો ફેરફાર નહિ જોવા મળે. આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. મહતમ તાપમાનમાં પણ મોટો ફેરફાર નહીં જોવા મળે. જેને લઈને પહેલા એક થી બે દિવસ દરમ્યાન મહતમ તાપમાન ઘટશે. આગામી 12 કલાક માટે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન  19 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં  18 ડિગ્રી સેલ્સિયસની આગાહી છે. આ અંગે સાંભળીએ હવામાન વિભાગ શું કહી રહ્યું છે

(બાઈટ—હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .

# Porbandar

પોરબંદર જિલ્લામાં પશુપાલન વિભાગ દ્વારા વર્ષ 2023-24ના એક હજાર 326 લાભાર્થીઓને 59 લાખ 36 હજાર રૂપિયાની સાધન સહાય ચુકવવામાં આવી છે. કુલ 9 યોજનાઓ લાભાર્થીઓ માટે અમલમાં મુકવામાં આવી છે. જેને લઈને વધુ માહિતી આપી રહ્યા છે ઇન્ચાર્જ પશુપાલન અધિકારી કપિલ પરમાર

(બાઈટ - કપિલ પરમાર - ઇન્ચાર્જ પશુપાલન અધિકારી)

. . . . . . . . . . . . .

# Cricket

વડોદરામાં મહિલા ક્રિકેટ મેચમાં ગઈકાલે દિલ્હી કેપિટલ્સે, યુપી વોરિયર્સને સાત વિકેટ હરાવ્યું.

વડોદરાનાં કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસી જીતીનને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી.

યુપી વોરિયર્સ પ્રથમ બેટીંગ કરતાં 20 ઓવરમાં 166 રન બનાવ્યાં હતા. દિલ્હી કેપીટલ્સે એક બોલ બાકી હતો ત્યારે જીતનો લક્ષ્યાંક હાંસલ કરતાં તેનો વિજય થયો હતો. દિલ્હી કેપિટલ્સની એનાબેલ સધરલેન્ડને પ્લેયર ઓફ ધ મેચ પુરસ્કાર અપાયો હતો. આ જીત સાથે દિલ્હીની ટીમ પોઈન્ટ ટેબલ પર બીજા સ્થાને પહોંચી હતી.

. . . . . . . . . . . . .

# Ranji Match

અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી રણજી ટ્રોફી મેચની પ્રથમ સેમિફાઈનલમાં ગુજરાતે મજબૂત પ્રારંભ કર્યો છે. મેચનાં ત્રીજા દિવસે ગઈકાલે ગુજરાતે પ્રથમ દાવમાં સંગીન શરૂઆત કરતાં એક વિકેટે 222 બનાવ્યાં હતાં. ઓપનર પ્રિયાંક પંચાલે 117 રન, તો આર્ય દેસાઈએ 73 રન સાથે 131 રનની ભાગીદારી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કેરળે ગઈકાલે તેનો પ્રથમ દાવ 457 રને પૂર્ણ કર્યો હતો. કેરળ તરફથી અઝરૂદીને 177 રન કર્યાં હતાં.

. . . . . . . . . . . . .

# Shivaji Yatra- Dang

છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૫મી જન્મ જયંતી નિમિત્તે ડાંગ જિલ્લામાં ઠેર ઠેર રેલી અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે ડાંગ જિલ્લાના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો શોભા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ભવ્ય શોભાયાત્રા બાદ એક વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતુ.

. . . . . . . . . . . . .

# Jagdish Vishwakarma

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ગઇકાલે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી

આ બેઠકમાં સહકારી મંડળીઓના એજન્ડા તથા નવી બાબતોને બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત આગામી સમયમાં મંડળીના અને મંડળીના સભાસદોના હિતમાં કેવા પ્રકારના બદલાવો લાવી શકાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં શ્રી વિશ્વકર્માએ , આગામી સમયમાં મંડળીઓની ભરતીને લઈને નિયમો બનાવી તેની અમલવારી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું .

વર્ષ ૨૦૨૫ને 'આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે, વર્ષ દરમિયાન સહકારી મંડળીઓએ સહકાર વિષયને કેન્દ્ર સ્થાને રાખી તેમના વિસ્તારમાં પોસ્ટકાર્ડ લેખન દ્વારા જાગૃતિ, ધાર્મિક સ્થળોની સાફ સફાઈ, એક પેડ મા કે નામ થીમ અનુસાર વૃક્ષારોપણ , ટીફીન બેઠક , સામૂહિક ભોજન, શાળાઓમાં કીટ વિતરણ , સગર્ભા માતાઓને પોષણ કીટ વિતરણ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

વધુમાં સહકાર મંત્રી દ્વારા દૂધ સંઘ , ક્રેડિટ સોસાયટીઓ , હાઉસિંગ સોસાયટીઓ વગેરે જેવી કાર્યરત મંડળીઓ માટે મોડેલ ઉપનિયમો બનાવીને અમલમાં મૂકવાની વાત બેઠકમાં કરાઇ હતી.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR-OKHA TRAIN SCHEDULE

ભાવનગર રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકની કામગીરીના કારણે ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેન આજથી 2 માર્ચ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર વચ્ચે ચાલશે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદના જણાવ્યા મુજબ, ટ્રેન નંબર 19209 ભાવનગર-ઓખા એક્સપ્રેસ 2 જી માર્ચ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. જેથી આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નંબર 19210 ઓખા-ભાવનગર એક્સપ્રેસ આજથી 3 માર્ચ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે. આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ ટ્રેનના ઓપરેટિંગ સમય , સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . . . .